

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સત્તા સંબંધે કરે કાળાં-ધોળાં, ગોઠીયા છે,*
*સાચવે મહાદેવને પાળેલા પોઠીયા છે,*
*વેઠીયા છે બીજા બધા, ચીઠ્ઠીના ચાકર -*
*સાચવે પદ ને સત્તા શોભાના ગાંઠીયા છે,*

હાઈકુ

*થઈ નિરાશ*
*આર્થિક શોષણથી -*
*'આશા' ઉચાટે...*
*(આત્મહત્યા પ્રયાસ)*

*થયા સક્રિય,*
*ચંડ-મૂંડ ફરી,માં -*
*રક્ષા કરજો...*
*(જય ચોટીલા વાળી)*

### ચિંતન

**યશ્ચૈષાં યથાદિષ્ટમર્થં સવિશેષં વા કરોતિ સ સ્થાપમાનૌ લભેત્ ॥**

ઉપરોક્ત ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

જે અધિકારી પોતાને સોંપાયેલ કાર્ય પૂરું કર્યા બાદ રાજયને હિતકર એવા અન્ય કામો પણ સ્વચેછાથી પતાવતો હોય એવા અધિકારીને સન્માન તેમ જ બઢતી (પ્રમોશન) આપીને પુરસ્કૃત કરવો જોઈએ.

આચાર્ય ચાણક્ય કહે છે કે જે અધિકારી પોતાને સોંપાયેલ કાર્ય ઉપરાંત વધારાની જવાબદારી સ્વેચ્છાએ જ વહન કરે છે અને સંતોષકારક રીતે પાર પાડે છે એવા અધિકારીને સમયે સમયે બઢતી પગારવધારો કે પુરસ્કાર આપીને સન્માનિત કરવા જોઈએ. આમ કરવાથી તેમની નિષ્ઠા અને કાર્યક્ષમતામાં પણ ઉત્તરોત્તર વધારોજોવા મળશે. એમને જોઈએ તેમ જ એમને મળતા બઢતી, પુરસ્કારો, વગેરે જોઈએ અન્ય અધિકારીઓ પણ એ મુજબનું વર્તન કરવા પ્રેરાશે.

ચાણક્યનીતિ મુજબ કર્મચારીની નિષ્ઠા અને સેવાનું યોગ્ય રીતે - યોગ્ય સમયે સન્માન થવું જ જોઈએ તો કર્મચારીઓમાં રાજયના વહીવટ પ્રત્યે પ્રેમ-વાત્સલ્ય સાથે ફરજ પાલનની જાગૃતિ આવે છે.

### સુવિચાર

- યહી હે ઈબાદત, યહી હે ઈમાન, કિ કામ આયે દુનિયામે, ઈન્સાક કો ઈન્સાન - **ગાલિબ**
- ગુરુ એટલે ગુ = અંધકાર, રૂ = દૂર કરનાર - **અખંડ આનંદ**
- ધીમેથી પ્રેમથી બોલો એ ધર્મ છે - **મધર ટેરેસા**
- જિંદગી એટલે ઝિંદાદિલી... જિંદગી એટલે તેજ... તાકાત અને તરવરાટ - **આચાર્ય મહાપ્રજ્ઞજી**
- સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત, દોઢિયા માટે દોડતા એવા જીવતા જોને પ્રેત - **મકરંદ દવે**
- વિચાર અને શભ્દો જેટલા બોલનારાના ઊંડાણમાંથી આવે એટલા જ તે સાંભળનારના હૃદયના ઊંડાણમાં જાય - **મોરારિબાપુ**
- ત્યાગનો મહિમા છે ત્યાં સુધી સંસાર લીલોછમ રહેશે - **જૈનસૂત્ર**
- આજનું ઔષધ : લુકાટ ના પાનનો ઉકાળો પીવાથી ઝાડા મટે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

સત્તાની સાથે 'સ્વમાન' સાચવી રાખવું એ સાચું શૌર્ય છે :

શૌર્યનું સન્માન સાચો શૂરવીર જ કરી શકે, શિવાજી શૂરવીર હતા અને તેઓ શૂરવીરો ચાહે દુશ્મન રાજા હોય તો પણ તેમનું સન્માન કરતાં. શિવાજીએ નજીકના બેલ્લારીના નાનકડા રાજય પર આક્રમણ કર્યું. બેલ્લારીનો રાજા મૃત્યુ પામ્યો હોવાથી તે રાજયનો વહીવટ વિધવા મલવાઈ રાણીને હસ્તક હતો. મલવાઈ રાણીની શૂરવીરતા તથા વહીવટની પ્રશંસા રાજયની આસપાસ પણ થઈ હતી.

શિવાજીની વિશાળ સેના સામે બેલ્લારીની નાનકડી સેના ટક્કર લઈ રહી હતી, જેમાં રાણી મલવાઈ ખૂદ મેદાનમાં હતી. શિવાજીની સેનોનો વિજય થયો અને રાણી મલવાઈના મુખ પરનું તેજ અને શૌર્ય જોઈને નવાઈ પામ્યા. શિવાજી તેને કંઈક કહે તે પહેલાં જ રાણી મલવાઈ બોલી, 'તમે મને મૃત્યુદંડ આપી શકો છો. મને કોઈ વાંધો નથી, હું હસતાં હસતાં મૃત્યુને ભેટવા તૈયાર છું. મારું અપમાન કરવાને બદલે મને જલ્દીથી મૃત્યુદંડ આપી દો.' શિવાજી આ વાત સાંભળી પ્રભાવિત થયા અને કહ્યું, 'તમારી આ સ્વમાનશીલતાને હું વંદુ છું, જાઓ તમારું રાજય સ્વતંત્ર જ રહેશે, હું તમને માનભેર મુક્ત કરું છું. તમે તમારા રાજયમાં પાછા વળો અને પહેલાની જેમ જ રાજયનો વહીવટ ચલાવજો.'

# વિશ્વવિદ્યાલયોમાં રાજકારણના અખાડા

**તંત્રીસ્થાનેથી...**

આપણું બંધારણ દરેક નાગરિકને સમાન અધિકાર આપે છે. વળી છેવાડાના સૌથી ગરીબ, અભણ માણસથી લઈ ભારતના પ્રથમ નાગરિક એવા રાષ્ટ્રપતિને તે મૂળભૂત અધિકારો સંદર્ભે સરખા જ ગણે છે. મતાધિકારની વય રાજીવ ગાંધીના કાર્યકાળમાં ૨૧ વર્ષથી ઘટાડી ૧૮ વર્ષ કરવામાં આવી એ યુવાવર્ગ માટે જાહેરજીવનમાં રસ લેવા માટેનું મોટું પ્રોત્સાહક પરિબળ સાબિત થયું હતું. અલબત્ત, એનો લાભ કોંગ્રેસની સરખામણીએ ભાજપને વધુ પ્રમાણમાં મળ્યો હોવાનું જરૂર કહી શકાય એમ છે. વિદ્યાર્થી અવસ્થામાં વ્યક્તિ વિશેષ સંવનેદનશીલ હોય, ઉત્સાહી હોય. એને નવા નવા પડકારો ઝીલવાનું ગમે. આ પરિસ્થિતિ અને માનસિકતાનો લાભ લઈ રાજકીય પક્ષો પોતપોતાની યુવા-વિદ્યાર્થી પાંખોને વધુને વધુ સક્રિય રાખવા પ્રયત્નશીલ રહે છે. એથી કયારેક તો નાની સરખી બાબત પર શૈક્ષણિક સંસ્થાઓનાં કેમ્પસમાં મોટાં આંદોલનોનું શિલારોપણ થઈ જતું હોય છે. મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલ સામેનું ગુજરાતનું ઐતિહાસિક નવનિર્માણ આંદોલન અને રાષ્ટ્રીય સ્તરે ઈંદિરાકાળની કટોકટી વિરુદ્ધ ઊભું થયેલું જયપ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળનું આંદોલન એનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે. ગુજરાતમાં અનામત વિરોધી આંદોલનોના પગલે ૧૮૨ પૈકીની ૧૪૯ બેઠકો જીતી લાવનારા મેધાવી મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીને ખુરશી છોડવી પડી હતી. આવાં વિદ્યાર્થી આંદોલનોમાં પડદા પાછળ રીઢા રાજકારણીઓનો દોરીસંચાર હોય છે તે સર્વવિદિત છે. ભારતીય જનતા પાર્ટીની અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ કે કોંગ્રેસનું નેશનલ સ્ટુડન્ટસ યુનિયન અને ડાબેરી પક્ષોની તથા પ્રાદેશિક પાર્ટીઓની વિદ્યાર્થી પાંખોએ કાળક્રમે દેશને સમર્થ નેતાઓ પણ પૂરા પાડ્યા છે. વિદ્યાર્થીકાળથી જ આ ક્ષેત્રે સક્રિય બનેલા યુવા નેતાઓ પાસે દેશસેવા માટે તેમજ પોતાની રાજકીય કારકિર્દી બનાવવા માટે પૂરતાં વર્ષો હોય છે. પરંતુ એ પણ સાચું કે આવા જૂજ વિદ્યાર્થી નેતાઓ ઘણી વાર એમના રાજકીય આકાઓના હાથા બની જઈ સમસ્ત વિદ્યાર્થી આલમને શૈક્ષણિક સ્તરે ભારે નુકશાન પહોંચાડતા રહ્યા છે. વિદ્યાસંસ્થાનો રાજકારણના અડ્ડા બની જાય તો વિશ્વ સ્તરે વખણાયેલી યુનિવર્સિટીઓ પણ વગોવાઈ જતી હોય છે તે આપણે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી અને બેંગ્લોરના રોહિત વેમુલ્લાના કિસ્સાઓમાં જોયું છે. પાટીદાર આંદોલન પણ એકાદ વિદ્યાર્થી નેતાના નેતૃત્વ હેઠળ ચાલુ થયું હતું અને આટલા લાંબા સમય સુધી એનું કોઈ નિર્ણાયક પરિણામ સાંપડ્યું નથી. દિલ્હી યુનિવર્સિટીની વિદ્યાર્થિની ગુરમહેરને સોશિયલ મીડિયા પર મળેલ સહયોગ અને ભાજપની વિદ્યાર્થી પાંખ એબીવીપી સામે એના દ્વારા કરાયેલ આક્ષેપો પછી એટલું તો જરૂર સમજાવું જોઈએ કે ભારતનાં સરસ્વતી મંદિરોને આ તે કે રાજકીય પાર્ટીઓ દ્વારા પોષાતાં આવાં સંગઠનોને કારણે લાંબા સમય સુધી ભરપાઈ ન થઈ શકે એટલું નુકશાન પહોંચ્યું છે. જો આ મુદ્દે સર્વપક્ષીય સમજૂતી કરીને વિદ્યાર્થી રાજકારણ પર મર્યાદિત અંકુશ મૂકવાનો નિર્ણય નહીં લેવાય તો આવનારાં વર્ષોમાં આપણાં વિદ્યાસંસ્થાનો આ કે તે પક્ષોના રાજકીય અડ્ડાઓમાં ફેરવાઈ જશે અને જેમને ખરેખર ભણવું છે એવા ગંભીર વિદ્યાપિપાસુ વિદ્યાર્થીઓ માટે પ્રાઈવેટ યુનિવર્સિટીઓ કે વિદેશની યુનિવર્સિટીઓમાં ગજાબહારનો ખર્ચ કરીને પ્રવેશ મેળવવા સિવાય આરો કે ઓવારો નહીં રહે. ખતરાની ઘંટડી કયારનીય વાગી ચૂકી છે. સરસ્વતીનાં મંદિરોને રાજકીય દુરાચારથી દૂર રાખવામાં જ શ્રેય છે તે આપણા નેતાઓ કયારેય નહીં સમજે, પરંતુ સમાજના પ્રબુદ્ધ જનોને એ દિશામાં વિચારવાનો સમય પાકી ગયો છે.

# 'ના... ના... ભગવાન કોઈનું ભલું કરતો નથી' હું મંદિરમાં જઈને જ આવ્યો છું...



નવાં કલેવર
નટવર હેડાઉ

શહેરની મધ્યમાં આવેલ ભવ્યમંદિરની ખ્યાતિ તેણે સાંભળી હતી. શ્રદ્ધા અને ભક્તિથી ઉમટતો માનવ મહેરામણ જોઈ તેને પણ આશા બંધાઈ હતી કે તેનું પણ જરૂરથી કંઈક ભલું કરશે.

તે મંદિરો પહોંચ્યો ત્યારે દર્શનાર્થીઓની ખુબ મોટી લાઈન હતી. રંગબેરંગી કપડામાં સજ્જ પક્તજનો ભાવપૂર્વક પોતાને દર્શનનો લાભ મળે તે માટે મંદિરના ગર્ભગૃહ તરફ મીટ માંડી લાઈનમાં ઊભાં હતાં. લાઈનમાં તે જોડાઈ ગયો અને લાઈન જેમ જેમ આગળ વધી તેમ આગળ વધતો ગયો. છેવટે તેની પ્રતિક્ષાનો અંત આવ્યો.

ભગવાનની મૂર્તિને સુવર્ણ અલંકારોથી શણગારવામાં આવી હતી. સુંદર મજાના વાઘા અને પુષ્પમાળાઓ શોભતી હતી. બે હાથ જોડી તેણે નમન કર્યા. પણ તેનું ધ્યાન ભગવાનને ધરાવેલ અન્નકુટ પર હતું. બુંદી, બરફી, લાડુ કેટકેટલી જાતની મીઠાઈઓ ધરાવવામાં આવી હતી. તે જોઈને તેની સહનશક્તિ ખુટી ગઈ. તેણે લાચારીપૂર્વક પુજારી સામે નાના હાથ લંબાવ્યા. તેના મોંમાં પાણી આવ્યું. તે પ્રસાદના કાલ્પનિક નાના સ્વાદમાં ખોવાયેલો હતો ત્યાં પુજારીએ તેને ધમકાવતા તે ડરી ગયો.

'છોકરા હટ અહીંથી આ કંઈ સદાવ્રત છે અમે ધર્માદો કરવા બેઠા છીએ કે બે હાથ પહોળા કરીને ઊભો રહી ગયો છે.'

તે ચૂપચાપ શુન્યમસ્યક લાલસા સાથે પેલા કાલ્પનિક સ્વાદને યથાર્થમાં બદલતો આગળ સરકી ગયો. અને ભાવાવેગમાં અજાણતાં જ તેના હાથની આંગળીઓને મીઠાઈનો સ્વાદ જીભે ચાટતાં અનુભવવા લાગ્યો. પ્રતિક્રિયા રૂપે તેને માત્ર ભૂલ, પાણી અને તુલસીનો સ્વાદ મળ્યો. તેનું મન ખાટું થઈ ગયું. ભગવાનના મંદિરમાં તેને નિરાશા મળી હતી. ભૂખથી તે અશાંત અને બેચેન થઈ ગયો. તેનું બાળ મન વારંવાર મીઠાઈના ભરેલ થાળ પર મંડરાતું હતું.

તેણે જોયું કે એક દંપત્તિ જે હમણાં જ કારમાંથી ઉતર્યું છે તેણે ખિસ્સામાંથી સો રૂપિયાની કડકડતી નોટ કાઢી આગળ ધરી. તેના ફળ સ્વરુપે એ જ પુજારીએ એક પેકેટમાં જુદી જુદી મીઠાઈઓ અને ગુલાબનાં ફૂલોનો હાર તેમને આપ્યો.

તે દંપત્તિ પથ્થરની મૂર્તિને નમન કરતાં હતા અને પૂજારી તેમને તેમજ પેલી નોટને...

તે નિશ્ચલભાવે જોતો રહ્યો. ગાલ પર આવેલ ખારાં આંસુના ટીપાંને ચાટતો તે ઊભો હતો. પોતાની ભૂખને કારણે અનાયાસે જ તેનો હાથ ખિસ્સા તરફ ગયો. ખિસ્સામાં હાથ નાંખ્યો. પણ ખિસ્સું તો ફાટેલું હતું.

તે મંદિરનાં પગથિયાં ઉતરી ઝડપથી ચાલવા લાગ્યો. ત્યાં પાછળથી તેને અવાજ સંભળાયો.

'એ છોકરા... ઊભો રે' તેણે પાછળ ફરીને જોયું તો એક અંધભિખારી તેને બોલાવતો હતો. તે તેની પાસે ગયો.

'મને રસ્તો ક્રોસ કરવાને' પેલા ભિખારીએ કહ્યું. છોકરાએ તેનો હાથ પકડ્યો અને રસ્તો ક્રોસ કરાવ્યો.

'ભગવાન તારું ભલો કરશે.' ભિખારી બોલ્યો.

'ના... ના... ભગવાન કોઈનું ભલું કરતો નથી.' હું મંદિરમાં જઈને જ આવ્યો છું.

'બેટા, એવું નથી. તેણે જ તને મારી પાસે મોકલ્યો છે અને મને રસ્તો ક્રોસ કરાવવામાં તારા હૃદયમાં જે દયાભાવ જનમ્યો તે બતાવે છે કે તું ઈશ્વરનો અંશ છે.' ભિખારીએ કહ્યું.

'પણ એવું કંઈ રીતે થઈ શકે. જુઓ ત્યાં પેલી પથ્થરની મૂર્તિ જે કંઈ ખાઈ પી શકે તેમ નથી તેની સામે ભોગ ધરાયા છે અને હું...'

'મને ખબર છે. તું ભૂખ્યો છે. મને આંખોથી ભલે દેખાતું નથી. તારો નિઃસાસો સાંભળીને અનુભવી શકું છું. અહીં આવ મારી પાસે બેસ. જો મારી પાસે ઘણું બધું ખાવાનું છે.' એમ કહી તેણે પોટલી ખોલી.

છોકરો પેલા ભિખારીની સામે ઘડીક જોઈ રહ્યો. તે વિચારવા લાગ્યો.

ખરેખર તો હોવો તો જોઈએ જ.

# પ્રેમની ભાષા એટલે મૌન અને પ્રેમનો શબ્દ વસંત



ગુલમહોર
દિનેશ દેસાઈ

અંગ્રેજી સાહિત્યકાર જોનાથન સ્વિફ્ટ લખે છે કે ''પ્રેમ તમને જીવન જીવતા શીખવાડે છે. પ્રેમ તમને માનવ્યનું વરદાન આપે છે. પ્રેમ વિના જીવન માત્ર ખાલીપો છે.''

પ્રેમની ભાષા એટલે મૌન અને પ્રેમનો શબ્દ એટલે ઋતુકલ્પ વસંત. જ્યારે પ્રણયને પાંખ આવે અને હૃદય ગગનવિહાર કરવા લાગે છે ત્યારે એ સ્વૈરવિહારનો આનંદ અવર્ણનીય હોય છે. એક વ્યક્તિ કશું જ ન બોલે અને બીજી વ્યક્તિ બધું જ સમજી જાય એ પ્રેમ છે. પ્રેમ એટલે મૌનની પરિભાષા. મૌનનો દસ્તાવેજ એટલે જ પ્રેમ. જ્યાં શબ્દો ઓગળતા જાય અને મૌન શ્વાસોશ્વાસ બનીને ભીતરની આરપાર અવરજવર કરતું રહે એ પ્રેમ છે.

એક સરસ મજાની સંવેદન કથા છે. એક યુવતી દરરોજ સવારે નિયમિત સમયે બસમાં મુસાફરી કરે. તેની સાથે જ મુસાફરી કરતો યુવાન એને પસંદ કરવા લાગ્યો. યુવાન એ યુવતી સાથે કોઈને કોઈ રીતે વાત કરવાનો અવશ્ય પ્રયત્ન કરતો. ક્યારેક યુવતીની બાજુની સીટ ઉપર પણ યુવાનને બેસવા મળતું ત્યારે તે ખુશ થઈ જતો. યુવતીનું ઉતરવાનું સ્થળ આવે એટલે તે ઉતરી જાય. એ પછી યુવાનને એકલું એકલું પણ લાગે. યુવતી કાળા ગોગલ્સ પહેરે તે આ યુવાનને ન ગમે. કારણ કે ગોગલ્સના કારણે યુવતીની આંખોના હાવભાવ આ યુવાન પામી શકતો નહીં.

યુવાને એક વાર કહ્યું પણ ખરું કે ''તમે ગોગલ્સ કેમ કાયમ પહેરી રાખો છો, ક્યારેક ગોગલ્સ કાઢી નાખો ને...''

પરંતુ યુવતી એમ કરતી નહીં અને સામો સવાલ કરતી કે ''ગોગલ્સને અને તમારી સાથે વાતચીત કરવાને કોઈ સંબંધ નથી. તમારી સાથે વાતો કરવાનું ગમે છે. એમાં ગોગલ્સ વચ્ચે આવતા જ નથી.''

**જો કોઈ વ્યક્તિ એકમેકને પ્રેમ કરવાનો દાવો કરતી હોય અને પછી એકમેકની ખામીઓ અને ટીકાઓની જ ચર્ચા કરતા હોય તો એ બે વ્યક્તિ વચ્ચે પ્રેમ નથી પરંતુ પ્રેમનો ભ્રમ-આભાસ છે**

એક દિવસ યુવાને પોતાના મનની વાત યુવતીને કહી જ દીધી કે ''હું તમને પસંદ કરું છું, તમને ચાહવા લાગ્યો છું. હું તમારી સાથે લગ્ન કરવા માગું છું.''

હવે આ યુવતીએ પોતાની આંખો પરથી ગોગલ્સ હટાવ્યા અને કહ્યું કે ''ઓહ, એમ વાત છે. ચાલો, સરસ. હું પણ તમને પસંદ કરું છું.''

યુવતીએ ઈરાદાપૂર્વક જ ગોગલ્સ આંખો પરથી હટાવ્યા હતા અને તેને જોઈને યુવાન તો ઘડીભર માટે હેબતાઈ જ ગયો. તેની પોતાની આંખો વિશ્વાસ કરી શકતી નહોતી કે તે જે યુવતીને ચાહે છે અને લગ્ન કરવા માગે છે તે યુવતીની આંખોની રોશની તો ચાલી ગયેલી છે.

યુવતીએ સવાલ કર્યો કે ''કેમ, શું થયું? આમાં અચંબો પામવા જેવું કશું નથી. તું મને ચાહે છે કે માત્ર મારી આંખોને? જો મને ચાહતો હોય તો મારી આંખોની કમી તરફ જોવાની તારે કોઈ જરુર નથી અને જો તને મારી આ કમી જ દેખાતી હોય તો મારે તને પસંદ કરવાની કોઈ જરુર નથી.''

આખરે પ્રેમનો વિજય થયો. યુવાને યુવતીની આંખોની બાબતને નજરઅંદાજ કરી અને એને પોતાની જીવનસંગિની બનાવી લીધી. પ્રેમની વિશેષતા જ આ છે કે એ તમારામાં ફક્ત સારી બાબતોને જ જુએ છે. તમારી ખોડખાંપણને પ્રેમ જરા પણ જુએ નહીં ઉલટાનું પ્રેમ તો આવી બાબતોને નજરઅંદાજ કરી દેતો હોય છે.

જ્યારે કોઈ યુવાન કોઈ યુવતી સમક્ષ પ્રેમનો એકરાર કરે છે, પછી બેઉને એકમેકની ખામીઓ પણ ખુબીઓ જ લાગવી જોઈએ. પ્રેમ તમને ખામીઓ જોવા દેતો નથી. પ્રેમ હંમેશા એકબીજાની સારપને જ જુએ છે. પ્રેમ તમારી ખામીઓ, ખરાબ બાજુઓને ઢાંકી આપે છે. આ જ તો પ્રેમ છે.

જો કોઈ વ્યક્તિ એકમેકને પ્રેમ કરવાનો દાવો કરતી હોય અને પછી એકમેકની ખામીઓ અને ટીકાઓની જ ચર્ચા કરતા હોય તો એ બે વ્યક્તિ વચ્ચે પ્રેમ નથી પરંતુ પ્રેમનો ભ્રમ-આભાસ છે. સો ટચનો પ્રેમ સોના જેવો હોય. એમાં તાંબા કે બીજી ધાતુની ભેળસેળ ન ચાલે.

**સ્ટોપર :**

''સભી સે દૂર કા યા પાસ કા રિશ્તા નિકલ આયા,
જિસે ભી ગૌર સે દેખા વહ અપના નિકલ આયા.''

**- નિદા ફાઝલી**

# પત્નીના પ્રેમમાં પડાય !? હાસ્તો, એને બાદ કર્યા બાદ બાકી બચશે પણ શું !?





Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

મારી ઓફીસના પંડ્યા સાહેબ કાયમ એમની પત્ની પર જરા અકળાયેલાં જ રહે છે. એમને એમ લાગે છે કે એ જાસૂસ છે, સતત મને ચેક કરતી રહે છે. 'કાયમ મારી વૉચ રાખે. હું ઑફિસમાં ગમે તેટલો કામમાં હોઉં એનો ફોન આવશે.' ટેબલ પર કૉફી ઠરી ગઈ હશે, પીધી કે નહીં?' જો મેં એકાદવાર એને ફોન ન કર્યો તો એ અચૂક કરશે જ. ઘરે જવાના સમય પહેલા શાકભાજી, કરિયાણું કે દૂધની થેલી લાવવાના બહાને પણ ફોન કરશે. જો મોડું થયું તો, 'કયાં છો?' કેમ આટલી વાર લાગી? બપોરે ચા સાથે બિસ્કીટ ખાધાં કે નહીં ? તમારી શુગર ડાઉન થઈ જા છે.' વગેરે વગેરે લાંબુ લેકચર ઝાડશે. ખરેખર ત્રાસ છે મારી બૈરીનો...' પંડ્યા સાહેબે આ વાત કરી એટલે મારે એમને કહેવું પડ્યું.

'પંડ્યા સાહેબ, તમારી પત્ની તમારી કાળજી લે છે, જરા સમજો. એ સતત તમને ત્રાસ નથી આપતી, તમારી ચિંતા કરે છે. કેટલી સારી વાત છે. એ દર બે કલાકે તમને ફોન કરી હેરાન નથી કરતી, પણ એ ચેક રે છે, તમે વ્યવસ્થિત તો છો ને? કંઈ તકલીફ નથી ને? એને ઘર સંસારની વસ્તુ યાદ કરાવવાની કે એ વગર પર ચાલી શકે એ ખબર હોવા છતાં તમારી સાથે વાત કરી એને રાહત થાય છે કે તમે વ્યવસ્થિત છો.'

પંડ્યા સાહેબ, જરા તમે અલગ એન્ગલથી વિચારો. તમે જરા કલ્પના કરો કે એક દિવસ તમારી જિંદગીમાંથી તમારી પત્ની ડિલીટ થઈ ગઈ છે. પછી તમને ખ્યાલ આવશે કે,

સવારે ઉઠ્યા બાદ ગરમ ચાનો કપ હાથમાં લાવીને મૂકવા કોઈ નથી. દૂધ લાવવાથી શરૂ કરીને હાથમાં છાપુ, હાથ રૂમાલ, મોજા, ઑફિસ બૅગ, ચશ્મા કે મોબાઈલ આપનારું કોઈ નથી. જાતે કરવાનો વારો આવશે તો ખબર પડશે કે નાસ્તાની ડિશ સાથે રોટલી, શાક, કચૂંબર, દહીં, દાળ-ભાત સાથેનું ટિફીન ટાઈમ ટુ ટાઈમ આપવા કોઈ નથી.

ઑફિસથી આવવામાં મોડું થશે એટલે નાસ્તો મગાવીને ખાઈ લેજો કે શુગર ઓછી થશે અને ચક્કર આવશે, પડશો તો વાગશે જેવી વ્યાકુળ ઓછી થશેને ચિંતા કરીને કહેનારું કોઈ નથી. તમને ખાલી એ જ દિવસ દસ વાર એના ફોન નહીં આવે ને ત્યારે સમજાશે કે પત્નીના ઈનકમિંગ કોલની કિંમત કેટલી હોય છે! ઘર સજાવવા કોઈ નહીં હોય અને કુંડામાંની તુલસી કે ગુલાબને પાણી પીવડાવનાર કોઈ નહીં હોય, તમારી સાથે શૅર કરવા અને તમારી કેઅર કરવા કોઈ નહીં હોય.'

**પ્રેમનો એકરાર કરવામાં જરાક મોડો પડ્યો, એમનું દિલ જીતવામાં જરાક મોડો પડ્યો. બંધ દરવાજો ખખડાવી તેઓ ચાલ્યા ગયા, સ્વપ્નમાંહેથી આંખો ખોલવામાં જરાક મોડો પડ્યો!**

મારી વાતોથી પંડ્યા સાહેબ જંખવાઈ ગયા, મારાં શબ્દો એમને સ્પર્શી રહ્યા હતા. એ શરમમાં મુકાય એવી મારી કોઈ દાનત નહોતી. પણ એમની પત્ની એમની કાળજી લેતી હતી અને ભાઈસાહેબ એને ત્રાસ સમજતા હતા, એ વાતથી હું વ્યથિત થયો હતો. આપણને પ્રેમ કરનાર વ્યક્તિનો જ આપણને ઉપદ્રવ લાગે એ કેટલી મોટી ખરાબ ઘટના? જે લોકોને જિંદગીમાં પ્રેમ મળ્યો જ નથી એ તો બદ્નસીબ કહેવાય, પણ જેમને મળ્યો છે, પણ એમને ખબર પડતી નથી અથવા ખબર પાડવી નતી એ તો મહા બદનશીબ કહેવાય ને?

પંડ્યાજીની આ મહા બદનસીબી કે બદનામી મને સીધી કાળજામાં વાગી ગઈ. શહેરમાં હવે સ્ત્રીઓ નોકરીઓ કરવા લાગી છે. આઠ કલાકની નોકરી અને બે-એક કલાકનો પ્રવાસ. ટ્રાફિક, ભીડ અને પ્રદૂષિત વાતાવરણ વચ્ચે ઘેર જતાં સુધી તો થાકી જવાય. પણ, એ કાંઈ ઘરે જઈને પલાંઠી વાળી બેસે છે? એને થાકીને ચાલતું નથી...

એને ઘર સાચવવાનું હોય છે. જમવાનું બનાવવાનું હોય છે. છોકરાઓ માટે મમ્મી અને પતિ માટે પત્ની, આવનાર-જનાર માટેની આગતા સ્વાગતાથી લઈને ઘઉં-દાળ-ચોખા ભરવા સુધી મચવું પડે છે. રામલો દાંડી મારે તો સાડીને કમરે ખોસીને સફાઈ અભિયાન આદરવું પડે છે. આ બધું કરતાં એણે કયાં ડિસ્કાઉન્ટ સેલ લાગ્યો છે કે 'ખેડૂત બજાર' કયાં અને કયારે ભરાય છે એ ધ્યાન રાખી બે પૈસા બચાવવાનાં હોય છે. આને આ બધી વસ્તુને એ રમતાં રમતાં પ્રાધાન્ય આપે છે.

આ બધી શક્તિ, બુદ્ધિ, ચાતુર્થ સ્ત્રીમાં કયાંથી આવે છે? જન્મતા જ આ ક્વૉલિટી એનામાં ઈનબિલ્ટ આવે છે? કે પછી ઘરનાં સંસ્કાર કે જવાબદારીના ભાનમાંથી આવે છે? લગ્નકાર્ય, લેન-દેણ કે આતિથ્યસત્કાર એજ મહેનતથી, ખુશીથી, થાક્યા વગર કરે છે, એની ક્રેડીટ માત્ર આપણે લઈએ છીએ.

સચિવાલયથી છૂટનારી સ્ત્રીઓને બસમાં જયારે વટાણા ફોલતાં કે મેથી વિણતાં જોઉં છું ત્યારે હું એમને મનોમન નમસ્કાર કરું છું. મજાની વાત એ છે કે આ બધી મહેનત, ખેંચતાણ કરીને પણ એને જિંદગી જીવવાની હોંશ છે. એને મોજ-મજા કરવી ગમે છે. એને લગ્નમાં, ગરબામાં, કાર્યક્રમમાં જવું ગમે છે. એને પ્રસંગાનુસાર નવાં ડ્રેસ કે સાડીઓ પહેરવી ગમે છે અને સુખડી પણ બનાવવી છે અને અથાણું - છુંદો પણ બનાવવા છે. ઘરને વ્યવસ્થિત પણ રાખવું છે. અને આપણે કાયમ પત્નીને અંડર એસ્ટીમેટ કરીએ છીએ. આપણને એની કાયમ ભૂલો જ દેખાય છે. જાણે કે આપણે તો સો ટકા રાજા હરિશ્ચંદ્રના બેટા હોઈએ ને? એને પોતાના સુખ-દુઃખ હોય છે. પરમેશ્વરે એને આપેલી માતૃત્વની ભેટના બદલામાં એને મહિને ચાર દિવસ વેદના પણ સહન કરવી પડે છે. આપણે પુરુષો એની કલ્પના પણ કરી શકતા નથી, આપણને બધું જોઈએ છે રેડિમેટ!

મેં કહ્યું, 'પંડ્યા સાહેબ, આજે ઘરે જાવ તો ફૂલોની વેણી લેતાં જજો.' ઑફિસનો ગુસ્સો એના પર કાઢતા નહીં, વોટ્સએપમાં આવેલા જોક્સ એને સંભળાવી હસાવજો. એ રસોડું સાફ કરતી હોય તો ટીવીના સમાચારને ગોળી મારી રેડિયો પર 'આપકી ફરમાઈશ' ના જૂના ગીતો વગાડજો. એની રસોઈના વખાણ કરજો. એને સફાઈમાં થોડી મદદ કરજો. રાત્રે એના હાથ હાથમાં લઈ શાકભાજી કાપીને પડેલા ચિરામાં બોરોલીન લગાડી આપજો. 'તું ઘર માટે કેટલું કરે છે?' એવાં પ્રેમના ચાર શબ્દો બોલજો. એ એનું કામ પરવારે ત્યાં સુધી પથારી તમે કરજો. એ ન હોય તો જિંદગી કેટલી નીરસ અને હોય તો કેટલી રંગીન? એટલું યાદ કરજો.

દરેક પુરુષ સારાં જ હોય છે, નસીબદાર હોય છે કે એમને પ્રેમાળ પત્ની હોય છે. એટલે કહું છું કે પત્નીના પ્રેમમાં પડો, રૂક્ષ ન થાવ.' મારી વાત સાંભળીને મેં પ્રથમવાર પંડ્યા સાહેબની આંખમાં આંસુ જોયા. અને એ બોલ્યા, 'દોસ્ત પટેલ, તેં તો પત્નીના પ્રેમમાં પડવાનું કારણ આપી દીધું. આજે મને સાચે જ લાગ્યું કે એ મારી પત્ની મારી જાસૂસ નહીં પણ હિતચિંતક અને પ્રેમાળ છે, ખરેખર પત્ની વગર જિંદગીમાં બચશે જ શું ?'

**ચૂંટલો :** આપણે પત્નીને પ્રેમ કરીએ છીએ ત્યારે પ્રભુની આજ્ઞા માથે ચઢાવીએ છીએ. હાથવગી રહેલી અને બોલ્યા વગર બધું મેનેજ કરતી પત્નીની કદર કરવામાં મોડું કરવા જેવું નથી. એ એની ફરજ ભલેને કોઈ પબ્લિસિટી વગર કરે, આપણે એને ક્રેડિટ આપી જ શકીએ ને? જાહેર કે ખાનગી, જયાં અનુકૂળતા પડે.